ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૮-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

'હિંદુ'નો વ્યાપક સાંસ્કૃતિક સંદર્ભ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત દિલચોરી કર્યા વગર જે મનમાં ઊગે એ વાત કહેતા કહે છે. એમની આવી નિખાલસ રજૂઆતો કયારેક બિનજરૂરી વિવાદનું કારણ પણ બનતી રહી છે. તાજેતરમાં એમણે 'હિંદુસ્તાનમાં રહે તે બધા જ હિંદુ' કહીને હકીકતમાં તો સંઘની કહેવાતી સાંપ્રદાયિક વિચારધારાથી ઉપર ઊઠી 'હિન્દુ' શબ્દનો વ્યાપક અને કદાચ વિશ્વ વ્યાપી સંદર્ભ ટાંક્યો છે. દુનિયાભરમાં અને વિશેષ પણે શબ્દકોશમાં 'હિન્દુ' શબ્દનો આ વ્યાપક સાંસ્કૃતિક સંદર્ભ પ્રયોજતો રહ્યો છે. સંકુચિત અર્થઘટન તો રાજકારણની દેન છે. હિંદુત્વ એ કોઈ નકારાત્મક વિચારધારા હોઈ જ ન શકે. હકીકતમાં હિંદુ એ એક પ્રજા છે, એક ઉદાત્ત જીવનશૈલી ધરાવતો જનસમુદાય છે. 'સિંધુ' શબ્દ પરથી ઊતરી આવેલો આ તદ્ભવ શબ્દ સ્વાભાવિક રીતે જ ભારતીય ધર્મશાસ્ત્ર, મહાકાવ્યો કે ઉપનિષદોમાં ન જ મળે, ત્યાં આપણને વધુ ઊજળો અર્થ ધરાવતો 'આર્ય' શબ્દ જરૂર મળે છે. આર્ય એટલે સુસંસ્કૃત, સભ્ય, સિવિલાઈઝ્ડ માણસ. ટૂંકમાં આવા ઉચ્ચ સંસ્કારો ધરાવતા જનસમુદાયનો દેશ તે આર્યાવર્ત. આવા આર્યાવર્તમાં એકલું ઈન્ડિયા કે ભારત અથવા હિન્દુસ્તાન જ નહીં, બલકે પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઈરાન સુદ્ધાંનો સમાવેશ થતો હતો. વૈજ્ઞાનિક ઢબે ભારતીય પ્રજાને લોહીની સગાઈ તો એ બધાં સાથે છે. અહીંની મૂળ પ્રજા દ્રવિડ નામે ઓળખાતી હોવાનું ઈતિહાસકારોએ શોધી કાઢ્યું છે. પરંતુ સંસ્કારોની રૂએ ભારતમાં રહેલી આ કાળી ચામચીવાળી પ્રજા પણ આર્યત્વના જ ગુણોને અનુસરે છે. હિન્દુસ્તાન શબ્દ તુર્ક અને પર્શિયન આક્રમણકારો દ્વારા પ્રયોજાયો હોવો જોઈએ. ભારત-અફઘાનિસ્તાન વચ્ચેની સીમા પર હિંદુકુશ પર્વતમાળા છે. એ ઓળંગીને જ આક્રમણકારોનાં ધાડાં સમૃદ્ધિ હિંદુસ્તાનમાં પ્રવેશતાં હોવાનો ઈતિહાસ જાણીતો છે. ભાગવતની દલીલ બહુ સીધી સાદી અને ચવાઈ ગયેલી છે. એક રીતે આ વ્યાખ્યા સામે કોઈને પણ વાંધો ન હોવો જોઈએ, પરંતુ 'હિન્દુ' શબ્દને એક ધર્મ-સંપ્રદાયના સંકુચિત અર્થમાં લેવામાં આવતો હોઈ અન્ય ધર્માવલંબીઓને એ ન રૂચે તે સ્વાભાવિક છે. હિન્દુસ્તાનમાં રહેનારને 'હિંદી' કે 'હિંદુસ્તાની' કહેવામાં આવે તો કોઈને વાંધો નહીં આવે. 'હિંદ' જેવા ટૂંકા નામે ઓળખાતા દેશને 'હિંદુસ્તાન' બનાવી દેનાર વિદેશી શાસકોએ અહીંની હિંદુ પ્રજાના સંસ્કારો સામે હાર કબૂલી હતી. આ પ્રજાએ એ તમામને આત્મસાત્ કરી દીધા, પોતાના બનાવી દીધી. પરંતુ એણે પોતાનું આત્મગૌરવ અકબંધ રાખ્યું. વિદેશી શાસકોએ ધર્મપરિવર્તનની વટાળ પ્રવૃત્તિ પણ મોટા પાયે ચલાવી. તેમ છતાં, અહીંની એંશી ટકા પ્રજા એના મૂળ સંસ્કારો સાથે અડીખમ રહી. ત્યાં સુધી કે વિદેશી આક્રમણકારોના આગમન પૂર્વે ખુદ ભગવાન બુદ્ધ જેવી મહાન વિભૂતિએ નવી ધર્મવ્યવસ્થા ઊભી કરવાનો પ્રયાસ કર્યો, જે રાજ્યાશ્રય મળતાં વિકસી અને હિંદુસ્તાનની બહાર શ્રીલંકા, જાવા-સુમાત્રા-બાલી અને બ્રહ્મદેશ (મ્યાંમાર) તથા સિયામ અને તિબેટ થઈ ચીન પર્યંત વિસ્તરી, પરંતુ કાલાન્તરે હિન્દુસ્તાને એને જાકારો ભણી દીધો. આદિ શંકરાચાર્યે નાની વયે સનાતન ધર્મનું નવસંસ્કરણ કરી દેશનાં ચાર ખૂણે ચાર ધર્મપીઠોની સ્થાપના કરીને એને એક મજબૂત પીઠિતા પર મૂકી દીધો. હવે આ બ્રાહ્મણધર્મ તે જ જો હિંદુ ધર્મ ગણાતો હોય તો સ્વાભાવિક છે કે તથાકથિત શુદ્રો અને અન્ય ધર્માવલંબીઓ એને એ જ સ્વરૂપે સ્વીકારતા સંમત ન થયા. તેથી ગાંધીજી જેવા સાચકલા 'હિંદુ' નેતાએ હિંદીની પ્રજા માટે 'હિંદી કે હિંદુસ્તાની' પ્રજા એવા જ શબ્દો અત્યંત સમજપૂર્વક વાપર્યા હોવા જોઈએ. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના આદિપુરૂષ ડૉ. કેશવ બલિ હેડગેવાર 'હિંદુ' પ્રજાનો મોહન ભાગવતને અભિપ્રેત સર્વાશ્લેષી અર્થ સ્વીકારતા હોય તો પણ એમાં બહુમતીના વર્ચસ્વનો ગર્ભિત ખ્યાલ તો રહે છે જ. વળી હિંદુ એટલે મુસલમાન કે ખ્રિસ્તી નહીં, એમના કરતાં સંસ્કારોમાં ચડિયાતો - એવી એક ગુરૂતાગ્રંથિ પણ આદિ-અનાદિથી ચાલી આવી છે. ખાણીપીણીના વહેવાવંચા હવે નવા જમાનામાં ભૂંસાયા હોય છતાં પેલી લોહીનો લય બની ગયેલી સૂગ અકબંધ છે. જે ટાણે-કટાણે કડવાશ પ્રસરાવતી રહે છે. સંઘ વર્ગવિશેષ કે જાતિ વિશેષને બદલે રાષ્ટ્રવિશેષના પર્યાય તરીકે 'હિંદુ' શબ્દ વાપરતો હોય તો એ ચેષ્ટા આવકારવાલાયક ગણાવી જોઈએ. હા, એ અન્ય ધર્માવલંબીઓની શ્રધ્ધાને આંચ આવે એવા કોઈ ફતવા જારી ન કરે તે જરૂરી છે. સંઘને તાલેબાની અને ફાસિસ્ટ કહી ભાંડતા રહેવાની કોંગ્રેસી રસમ ખુદ કોંગ્રેસને જ નડી છે, એ કહેવાની જરૂર ખરી ?

પ્રેકટિસ મેક મેન પરફેક્ટ : જેસીઆઈ ટ્રેનિંગમાં છવાયો ટીનેજર ધવલ પટેલ

ગાંધીનગર, તા. ૧૨

ઓડિયન્સમાં બેઠેલા લોકોમાંથી વિવિધ હસ્તી, સ્થળના નામ બોર્ડ પર લખી તાત્કાલિક યાદ રાખી સૌને વિવિધ પ્રકારે સંભળાવી માત્ર અને મિડિયા પ્રતિનિધિ નિકુંજ શુકલાના આમંત્રણને માન આપી આય એમ પ્રુવિંગ મેમરીના ટાયરલ હેઠળ ધવલ પટેલે પોતાનું જ ઉદાહરણ મુકી સૌને કીધું કે સાતમા

૧૭ વર્ષના ટ્રેઈનર ધવલ પટેલે સૌને દંગ કરી દીધાં. જેસીઆઈ ગાંધીનગરના પ્રમુખ સાત્વિક ત્રિવેદી ધોરણમાં ૫૫ ટકા ધરાવતો હું આજે મેડિકલમાં પ્રવેશ મેળવી ચૂક્યો છું. એટલે આ ટેકનીકલ અપનાવશો, નિયમિત પ્રેકટીસ કરશો તો અવશ્ય તમારા ઈચ્છીત ધ્યેયને પામશો જ.

આ કાર્યક્રમનો શુભારંભ ગાંધીનગર સમાચારના કટાર લેખક અને ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતની એક સુંદર બોધ વાર્તા સાથે થયો. મંત્રી કેતન ભાવસારે આ પ્રસંગે જેસીઆઈની પ્રવૃત્તિનો ચિતાર આપ્યો. કલ્પવૃક્ષ લર્નિંગ સેન્ટર ખાતે સો થી વધુ પધારેલા વિદ્યાર્થીઓ અને વાલીઓની વ્યવસ્થાનું સુંદર આયોજન નિકુંજ શુક્લાએ કર્યું.

કેટલાં વાગે વાંચવુ, કેવી રીતે વાંચવું, કેમ યાદ રાખવું, જો તમે અગબત્તી ટોયલેટમાં નથી શોધતા એનો મતલબ તમારી યાદશક્તિ સારી છે જેવી વાતો સાથે સૌને ટ્રેનીંગ આપી અને સો કૌરવોના નામ કડકડાટ બોલી બતાવતા હૉલ તાલીઓથી ગાજી ઉઠ્યો. બે કલાકના આ સેમિનારમાં લોક ઘણું જ્ઞાનનું ભાથુ લઈને ગયા. આવતી ૨૩-૨૪ ઓગસ્ટના રોજ યોજાનારા અન્ય અદ્ભૂત મેમરી પાવરના કાર્યક્રમની માહિતી પ્રમુખ સાત્વિક ત્રિવેદીએ આપી અને એનો ડેમો પણ બતાવ્યો. તમારા બાળકના અર્ધજાગૃત મગજને કાર્યરત કરતાં આ કાર્યક્રમમાં અવશ્ય ભાગ લેવાં મંત્રી કેતન ભાવસારે જાહેર અપીલ કરી હતી.

ગાંધીનગરની શાળા-કોલેજોમાં રક્ષાબંધનની ઉત્સાહભેર ઉજવણી

● જે.બી. પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંકુલમાં આવેલ જે.બી. પ્રાથમિક શાળામાં શનિવારે તા. ૯મી ઓગષ્ટે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે ભગીની સંસ્થા એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ જે.બી.પ્રાથમિક શાળાના તમામ વિદ્યાર્થીઓને રાખડી બાંધી તેમના દિર્ઘાયુની પ્રાર્થના કરી હતી. આચાર્ય નીવાબેન પટેલે રાખડીના સુરક્ષા કવચ સાથે બાળકો સુરક્ષિત રહે તેવી ગુરુભાવના વ્યકત કરી હતી.

● કુડાસણની સ્કુલ ઓફ એચિવરમાં રક્ષાબંધન ઉજવાઈ

કુડાસણ ખાતે આવેલ સ્કૂલ ઓફ એચિવરમાં તા. ૯મી ઓગષ્ટે શનિવારે રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીમાં ગુજરાતી માધ્યમના ચાર રેડ, બ્લ્યુ, ગ્રીન અને યલો હાઉસ વચ્ચે રક્ષાબંધનના ગીતો પર ડાન્સ કોમ્પ્ટીશન યોજાઈ હતી જેનું શિર્ષક 'અનોખા બંધન' રાખવામાં આવ્યું હતું.

● અડાલજના માણેકબા પીટીસી કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

અડાલજ ખાતે આવેલ માણેકબા પીટીસી કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી સાથે પ્રશિક્ષણાર્થીઓ દ્વારા 'દિકરી વધાવો' નાટક યોજવામાં આવ્યું હતું. આ ઉપરાંત તા. ૧૦મી ઓગષ્ટે અડાલજના પોલીસ સ્ટેશન ખાતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ રક્ષાબંધન પર્વમાં પણ કોલેજની બહેનોએ ભાગ લીધો હતો.

● ઉવારસદના વિકલાંગ વિદ્યા મંદિરમાં રક્ષાબંધન ઉજવાઈ

સદવિચાર પરિવાર દ્વારા સંચાલિત વિકલાંગ મંદિરમાં ઈફકો અને પ્રેરણા મહિલા કલબ દ્વારા રક્ષાબંધનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાના વિકલાંગ બાળકોના હાથે પ્રેરણા મહિલા કલબની બહેનોએ રાખડી બાંધી હતી તેમજ તેમને ઉપહાર પણ આપ્યા હતા.

● પ્રેરણા વિદ્યાલયમાં રાખડી સ્પર્ધા યોજાઈ

સેકટર-૫-એમાં આવેલ પ્રેરણા વિદ્યાલયમાં તા. ૯મી ઓગષ્ટ શનિવારે રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના ૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ અવનવી રાખડીઓ બનાવી હતી. આ સ્પર્ધામાં માહીન પિંજારી, ગુંજન સાદરીયા, કેવલ ચૌહાણ અને અર્ચના રાજપૂત વિજેતા બન્યા હતા જેમને ટ્રસ્ટી ગણ દ્વારા ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

● ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓએ રક્ષાબંધન ઉજવી

ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે એનસીસી યુનિટ અને સ્પોર્ટસ વિભાગ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરાઈ હતી. આ કોલેજની વિદ્યાર્થીનીઓએ સે-૭ના પોલીસ સ્ટેશનમાં પી.આઈ. જે.એમ. ભરવાડ સહિત પોલીસ કર્મીઓને રાખડી બાંધી હતી. પોલીસ કર્મીઓએ આ વિદ્યાર્થીનીઓને મોં મીઠું કરાવી તેમની સુરક્ષાનું વચન આપ્યું હતું.

સ્વામિનારાયણ ધામ ખાતે ૧૫મીથી શ્રાવણ માસ કથા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના કુડાસણ ખાતે આવેલ સ્વામિનારાયણ ધામ ખાતે તા. ૧૫મી ઓગષ્ટથી શ્રાવણ માસ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા તા. ૧૫મીથી પ્રારંભ થઈને તા. ૧૯મી ઓગષ્ટે પુર્ણાહુતિ પામશે તેમજ આ દરમિયાન કથાનો સમય દરરોજ રાત્રે ૯ થી ૧૦.૩૦ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત આ કથા દરમિયાન તેજસ્વી તારલાઓને સન્માનવાનો પણ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

સ્વામિનારાયણ ધામ ખાતે યોજાનારી શ્રાવણ માસ કથામાં પહેલા દિવસે શુક્રવારે નિર્ગુણસ્વામી દ્વારા સુખી થવાની ચાવી, બીજા દિવસે શનિવારે, અદભૂત સ્વામી દ્વારા એકડાં વગરના મીંડા, ત્રીજા દિવસે રવિવારે મૂર્તિ સ્વામી દ્વારા ભગવાન સાચવે કોનું? ચોથા દિવસે સોમવારે આદર્શ સ્વામી દ્વારા સ્વામિનારાયણ મહામંત્ર મહિમા અને અંતિમ દિવસે મંગળવારે પૂ. સ્વામી દ્વારા સદાય સુખી થવાની ચાવી વિષય પર વ્યાખ્યાન આપવામાં આવશે. આ કથામાં દરરોજ અવનવી પ્રસાદીનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

વીરમાયા કાવ્ય સ્પર્ધા કવિઓને નિમંત્રણ

ગાંધીનગર, તા. ૧૨

વીરમાયા સ્મારક સમિતિ દ્વારા વીરમાયાની યશોગાથારૂપે જીવનકાર્ય, આત્મ સમર્પણ, બલિદાન તે સમયના સમાજ દર્શનને પ્રતિબિંબિત કરતી કવિતા, (રચના, દુહા, છંદ, હાઈકુ, મહાકાવ્ય, ભજન, મરસિયા, પ્રાર્થના) કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનાર સ્પર્ધકને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

સ્પર્ધકોએ પોતાની રચનાઓ આગામી દિવાળી સુધીમાં ડૉ. નરસિંહદાસ વણકર, ૨૩૮ ગુજરાત હાઉસીંગ બોર્ડ, સોમનાથનગર, મહેસાણા - ૩૮૪૦૦૧ (મો. ૯૮૨૫૨૬૮૧૮૩ અથવા Email.NKVankar 238@gmail.com) મોકલી આપવાની રહેશે. સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનારને રૂ. ૫૦૦, દ્વિતીય ક્રમે રૂ. ૩૦૦ અને તૃતીય ક્રમે રૂ. ૨૦૦ નું રોકડ ઈનામો વિક્રમ સંવત ૨૦૭૧ મહાસુદ સાતમના રોજ એનાયત થશે. જ્યારે નિર્ણાયકો તરીકે ભી.નં. વણકર, કાંતિલાલ મકવાણા, નગીનચંદ્ર ડોડિયા હાજર રહેશે.



જ્ઞાનકુંભ - દર્શન મારૂ

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ સામાન્ય બજેટમાં થર્મલ પાવરની નવી ટેકનિક માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૧૦૦ કરોડ

૨. ૨૦૧૪ સામાન્ય બજેટમાં રાજસ્થાન, તામિલનાડુ અને લડાખમાં સૌર ઉર્જા માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૫૦૦ કરોડ

૩. ૨૦૧૪ સામાન્ય બજેટમાં ખેડૂતો માટે હેલ્થ કાર્ડ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૧૦૦ કરોડ

૪. ૨૦૧૪ સામાન્ય બજેટમાં મોંઘવારી ઉપર અંકુશ મેળવવા માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૫૦૦ કરોડ

૫. ૨૦૧૪ સામાન્ય બજેટમાં દેશના ખેડૂતોને લોન માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૮,૦૦,૦૦૦ કરોડ

૬. ૨૦૧૪ સામાન્ય બજેટમાં નાબાર્ડ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૨૦૦ કરોડ

૭. ૨૦૧૪ સામાન્ય બજેટમાં ખેડૂત ટેલિવિઝન માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૧૦૦ કરોડ

૮. ૨૦૧૪ સામાન્ય બજેટમાં વેરહાઉસ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૫૦૦૦ કરોડ

૯. ૨૦૧૪ સામાન્ય બજેટમાં અમદાવાદ-લખનઉ મેટ્રો ટ્રેન માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૧૦૦ કરોડ

૧૦. ૨૦૧૪ સામાન્ય બજેટમાં સસ્તા ઘર માટે કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૪૦૦૦ કરોડ

૧૧. ૨૦૧૪ સામાન્ય બજેટમાં મદરેસાઓના આધુનિકરણ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૧૦૦ કરોડ

૧૨. ૨૦૧૪ સામાન્ય બજેટમાં અનુસૂચિત જાતિના કલ્યાણ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૫૦,૫૪૮ કરોડ

૧૩. ૨૦૧૪ સામાન્ય બજેટમાં સર્વ શિક્ષા અભિયાન માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૨૮,૬૩૫ કરોડ

૧૪. ૨૦૧૪ સામાન્ય બજેટમાં ગ્રામ માર્ગ યોજના માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૧૪,૩૮૯ કરોડ

૧૫. ૨૦૧૪ સામાન્ય બજેટમાં પ્રાથમિક શિક્ષણ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૨૮,૦૦૦ કરોડ

૧૬. ૨૦૧૪ સામાન્ય બજેટમાં ગામડાઓ સુધી વિજળી પહોંચાડવા માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૫૦૦ કરોડ

૧૭. ૨૦૧૪ સામાન્ય બજેટમાં સિંચાઈ યોજના માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૧૦૦૦ કરોડ

૧૮. ૨૦૧૪ સામાન્ય બજેટમાં 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૧૦૦ કરોડ

૧૯. ૨૦૧૪ સામાન્ય બજેટમાં સ્માર્ટ શહેરો માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે?

○ રૂપિયા ૭૦૬૦ કરોડ

૨૦. ૨૦૧૪ સામાન્ય બજેટમાં સ્ટેચ્યુ ઓફ યુનિટિ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?

○ રૂપિયા ૨૦૦ કરોડ

રાષ્ટ્રભાવના અને ભારતની જ્ઞાન પરંપરા

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

સક્ષમ અને તેજસ્વી ભારતવાસીઓને તેની ભવ્ય પરંપરાઓમાંથી ઘણું મેળવવાનું બાકી છે. અનેક ગ્રંથાગારો, હસ્તલિપિઓમાં ધરબાયેલું વૈશ્વિક વિજ્ઞાન શોધવાનું આપણને ઝનૂન કેમ નથી ચડતું? અનેક ગ્રંથો વણઓળખાયેલાં અને ઉકેલ્યા વગરનાં નિર્જિવ અવસ્થામાં પડી રહ્યા હશે. કદાચ તેમની પૂજા થતી હશે પણ તે બધાં ગ્રંથો ઉદ્ધારની રાહ જોઈ રહ્યા છે. મંત્ર, તંત્ર, જયોતિષ, આયુર્વેદ, સ્મૃતિ, શ્રુતિઓથી ઉભરાતું સાહિત્ય જાણે જ્ઞાનનો દરિયો છે. દેશનાં પ્રત્યેક નાગરિકની ફરજ છે કે શોધની આ પ્રવૃત્તિ માટે પોતાની શક્તિનો યતકિંચિત ભાગ આપે. વિદેશમાંથી ખૂબ સારી બાંધણી સાથે આવતું જ્ઞાન આપણને ખૂબ ગમી જાય છે. તે આકર્ષક પણ હોય અને ઉપયોગી પણ હોય છતાં તેની ઉપયોગીતા આપણી ભૌગોલિકતા સાથે મેળબેસે તેવી ન પણ હોય.

ભારતવાસી તરીકેનું જે જે બાબતોનું ગૌરવ વર્ષોથી આપણે બીજા દેશોને આપતાં રહ્યાં છીએ તે હકીકતમાં તો જે તે સમયે આપણી માલિકીનું હતું તેવા અનેક પુરાવાઓ આપણી પાસે ઉપલબ્ધ છે... આપણી પરંપરામાં 'માલિકીનું પ્રમાણપત્ર' મેળવવાની પરંપરા ન હોવાથી ઘણી શોધોની બાબતમાં આપણે જુદા જ પ્રકારની માન્યતાનો શિકાર બન્યા અને તેની વિસ્મૃત કરી બેઠા. 'પેટન્ટ'ની ભૂમિકાએ આપણે વિચારી શકતા નહોતા.

આ વિષયને ચર્ચીએ એ પહેલાં એ જાણવા પ્રયત્ન કરવો જોઈએ કે દેશાભિમાન, રાષ્ટ્રાભિમાન, સ્વદેશ પ્રેમ એટલે શું? કેટલાક લોકો દેશપ્રેમની વ્યાખ્યા એવી કરતા હોય છે કે સરહદ પર લડતા અને દેશ માટે શહિત થઈ ગયેલાં કે થઈ રહેલાં લોકો જ દેશપ્રેમી કહેવાય. હકીકતમાં રાષ્ટ્રભાવના એ પોતાની જાતને ચાહવા જેવી ઘટના છે. જેને પોતાની પ્રત્યેક બાબત માટે અભિમાન નથી તેને દેશ માટે પણ અભિમાન નહિં જ ઊભું થાય. આપણી બાબતો એટલે એમાં શું શું આવે? આપણી ભાષા સંસ્કૃતિ, વિચારધારા, સમાજ, ધર્મ, માન્યતાઓ, ઉત્સવો અને એના જેવી અનેક નાની-મોટી બધી જ (ભારતવાસી તરીકેની) જીવન સાથે જોડાયેલી મનોસામાજિક અને મનો-ધાર્મિક બાબતોને એમાં ગણી શકાય. વાસ્તવમાં ઉપરોક્ત જે બાબતોને એમાં ગણી શકાય. વાસ્તવમાં ઉપરોક્ત જે બાબતો છે તે માટે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકારનો હકારાત્મક પ્રયત્ન પોતાનાં ઘરે બેઠા કે જંગલમાં જઈને કરે તો તે દેશાભિમાન કે રાષ્ટ્રભાવના જ ગણાશે. દેશનાં પ્રશ્નો અનેક છે તે બાબતે જે વ્યક્તિ પોતાનાં સ્થાને હીને ખીસકોલી પ્રયત્ન પણ કરતો હશે તો તેને આપણે શું કહીશું? માત્રને માત્ર રાષ્ટ્રપ્રેમી જ?

સંસ્કૃત સાહિત્યમાં રાષ્ટ્રાભિમાન માટે કંઈ અલગ ગ્રંથો ન મળી આવે. પણ અગાઉ ચર્ચા કરી તે સંદર્ભે પોતાની રીતે કરેલું ચિંતન-મનન, લેખન, શોધ અને એવા અનેક પ્રયત્નો ધ્યાનમાં આવે છે. તમે એવી કલ્પના કરી શકો કે જાપાન કે ચીનના લોકો દેશપ્રેમનાં પાઠો રોજ ભણતાં હશે અને એમાંથી દેશપ્રેમી ઉભરી આવતો હશે. ના, જરાય નહીં, કારણ કે રાષ્ટ્રભાવના એ સ્વ. પ્રેમની ભાવનાનાં રસાયણ જેવું રસાયણ છે. તે બાબતે કાકા સાહેબ કાલેલકરનું એક વાક્ય ચિંતન યોગ્ય છે. 'પક્ષ પાડ્યા વગર અને પક્ષને નામે સમાજમાં કકડા કર્યા વગર આપણને સંતોષ ન મળે. રાજાઓ રાજવિસ્તાર માટે પરસ્પર લડતા. એમને પ્રજા પણ પોતપોતાના રાજ પ્રત્યેની નિષ્ઠાનું પ્રદર્શન કરવા માટે લડતી, વ્યક્તિનિષ્ઠા, રાજભક્તિ, ગુરૂભક્તિ, વર્ણાભિમાન, જ્ઞાનિનિષ્ઠા ઈત્યાદિ તત્ત્વોએ જોર કર્યું અને આપણે પક્ષાભિમાન બન્યા. અભિમાન માટે મહેનતની જરૂર નથી. વિરોધી લોકોને દ્વેષ કરો, એમને ઉતારી પાડો, એમની સાથે સંબંધ તોડી નાખો - એ સસ્તો ધંધો જોરથી ફેલાઈ ગયો. આપણી સંસ્કૃતિ એ રીતે વણસી ગઈ, ઝેરી થઈ, નબળી પડી, દુનિયામાં હાસ્યાસ્પદ થઈ. છતાં કેળવેલું આંધળાપણું માણસ કેવી રીતે છોડે?' મોટા ભાગની શોધખોળ, તંત્રજ્ઞાન અને વિચારોનું શ્રેય, ગ્રીકો, આરબો, બેબીલોનના લોકો, યુરોપીયનો તથા અમેરીકનોને આપવામાં આવે છે તે કેટલું વ્યાજબી છે? આપણામાં આત્મગૌરવ નિર્માણ કરી આપણી સંસ્કૃતિ પરંપરા, ગ્રંથો, લોકો સમાજ પ્રત્યે આદર નિર્માણ કરવા. બૌદ્ધિક ગુલામીને દૂર કરીને ભારતમાં પશ્ચિમ માટે માન જયારે ભારતને તથા ભારતનું દરેક બાબતને ઉતરતી કક્ષાની ગણવાની ભૂલને સમજવી અજ્ઞાન છે. શાસ્ત્ર તરફ જોવાની વૈજ્ઞાનિક અભિગમ નિર્માણ થાય. ભારતમાં જન્મ લેવો એ સૌભાગ્યની બાબત છે નહીં કે દુર્ભાગ્યની. ભારતમાંથી વિદેશમાં જતી બૌદ્ધિક સંપદાને રાષ્ટ્રના વિકાસમાં કાર્યાન્વીત કરવી. મેક્સમૂલર '**History of ancient Sanskrit Literature**' માં કહે છે કે 'આર્યો પાસે જીવનદષ્ટિ ન હતી.' મીસ માયો '**Mother India**' માં કહે છે કે 'આપણી પાસે કંઈ જ નથી, આપણે તો કેવળ મૂર્ખ જ છીએ.' સેનાર્ત '**Cast in India**' માં કહે છે કે, 'ભારતમાં રાજકીય વિકાસ થયો જ નથી, વિકાસનું તેમાં નામોનિશાન પણ નથી.' મેકોલે કહે છે કે 'સાહિત્યમાં વિવિધતા, ચિંતનશીલતા ઊંડાણ નથી.' ફ્રેંક થીલી '**History of Philosophy**' કહે છે કે 'ભારતમાં તત્ત્વજ્ઞાન જ નથી. ઉપનિષદો મહત્ત્વપૂર્ણ વાંગમય નથી, એકદમ અવિકસિત અને પ્રગતિથી પરાંગમુખ એવા લોકોનું બોલવું એટલે ઉપનિષદો.' ગ્રેવ્સ '**History of Education**' માં કહે છે કે 'ભારતમાં શિક્ષણ હતું જ નહીં.' જસ્ટીજ વૂડરોફ '**Is India Civilized**' માં કહે છે કે 'ભારત પાસે સંસ્કૃતિ જ ન હતી.' માર્કસ '**Historical materialism**' માં કહે છે કે વૈદિક કાળમાં અન્નોત્પાદનના સાધનો હતા જ ન હતા. નીતિ, સંસ્કૃતિ, ધર્મ ન હતો. કેવળ સ્વૈચ્છાચાર હતો. તેમનામાં ભાઈ-બહેનનાં સંબંધની કલ્પના જ ન હતી. આર.સી. મજુમદાર ભારતીય ઈતિહાસ લખનાર એવા ડૉ. તારાચંદ માટે લખે છે કે 'એક અપ્રમાણિકત ઈતિહાસકારે લખેલાં અપ્રમાણિક ઈતિહાસ.' 'અંગ્રેજો તથા તેમનાં માનસિક ગુલામો એવા આપણા વિદ્વાનો અને ઈતિહાસકારો આપણાં ભવ્ય ભૂતકાળને જોવા કે સમજવા તૈયાર નથી. આ ઈતિહાસકારોએ આપણી ઐતિહાસિક પરંપરાને તોડી મરોડીને વિકૃત કરી નાખી છે. જેમાં મેકોલે, મેક્સમુલર, રેપ્સન, મીસ માયો, માર્કસ વગેરે જેવા અંગ્રેજ ઈતિહાસકારો છે. ભારતીય ઈતિહાસકારોમાં રોમિલા થાપર, સુમીત સરકાર, શ્રી શર્મા, અર્બસ મુખિયા, ડૉ. તારાચંદ છે. ૨૦મી સદીની શરૂઆતમાં કેટલાક પ્રબુદ્ધ અને અભ્યાસુ લોકોએ આ સંદર્ભમાં વિશિષ્ટ પ્રકાશ પાડ્યો છે. આચાર્ય પ્રફુલચંદ્ર રોય 'હિન્દુ કેમેસ્ટ્રી' બ્રજેદ્રનાથ સિલ 'ધ પોસિટીવ સાયંસ ઓફ એંશિયન્ટ હિન્દુ.' રાવસાહેબ વજે 'હિન્દુ શિલ્પ શાસ્ત્ર.' ધર્મપાલજી 'ઈન્ડિયન સાયંસ એન્ડ ટેકનોલોજી ઈન થી ૧૮ સેન્ચુરી.' જગદિશ ચંદ્ર બોઝ, સ્વામી વિવેકાનંદ, ડૉ. ભાંડારકર, કેલકર, લોકમાન્ય તિલક, તેલંગ વગેરે લોકોએ ભવ્ય ભારત ઉપર પ્રકાશ પાડ્યો. ભારતનો જળ માર્ગ સર્વસામાન્ય જનતા એવું જ માને છે કે ભારતનો જળમાર્ગ વાસ્કો ડી ગામા એ જ બતાવ્યો હતો. પ્રસિદ્ધ પુરાતત્ત્વવેતા ડૉ. વિષ્ણુ શ્રીધર વાકણકર સ્પેન ગયા હતા ત્યારે તેમણે વાસ્કો ડી ગામાએ લખેલ ડાયરીના પાનાઓ વાંચ્યા જે નીચે પ્રમાણે છે. 'હું જયારે આફ્રિકાનાં જંજીબારમાં આવ્યો ત્યારે મારા જહાજથી ત્રણ ગણું મોટું જહાજ જોયું, મેં આફ્રિકન દુભાષિયાને લઈને જહાજના માલિક 'સ્કન્ધ' નામનો ગુજરાતી વ્યાપારી હતો તેને હું મળ્યો. એ વ્યાપારીએ મને પુછ્યું કયાં જઈ રહ્યા છો? મેં કહ્યું હિન્દુસ્તાન ફરવા જઈ રહ્યો છું. ત્યારે વ્યાપારી બોલ્યો, 'હું કાલે જવાનો છું, મારી પાછળ પાછળ આવજો' આ રીતે હું હિન્દુસ્તાન પહોંચ્યો. આર્યોનું આક્રમણ પશ્ચિમના ઈતિહાસકારો અને લેખકોએ જ આર્યોના આક્રમણની વાત ઉપજાવી કાઢી હતી. ઘણાં બધા કહેવાતા પંડિતોએ વેદોમાં વર્ણવેલ ઋતુ, વનસ્પતિ, હવામાનના આધારે એવું માનવા પ્રેરાયા કે આર્યો ઉત્તરધ્રુવ, મધ્ય એશિયામાંથી આવ્યા હશે. વિજ્ઞાનની શોધ થઈ કે પૃથ્વીની ધરી હજાર વર્ષે બદલાય છે. તેથી તેમના અનુમાન પર પાણી ફરી વળ્યું. મા. ગોળેજી (પ્રમુખ, ઈતિહાસ પુનઃગઠન, સંકલન અને લેખન વિભાગ) એ જણાવ્યું કે કાર્બન ડેટિંગ પદ્ધતિના આધારે વિશ્વપ્રસિદ્ધ યુનિવર્સિટી જેવી કે કેમ્બ્રીજ, ઓસ્કફોર્ડ, ઓહિયો માને છે અને ભણાવે છે કે આર્યો મૂળ ભારતનાં જ છે. દુઃખદ બાબત એ છે કે હજુ સુધી ભારતીય યુનિવર્સિટી આવું સત્ય સ્વીકારી શકતી નથી.

ભારતમાં પરાવિદ્યા અને અપરાવિદ્યા વિશે ઊંડું જ્ઞાન હતું. ઈન્દ્રિય ગમ્ય સૃષ્ટિનો અભ્યાસ એટલે વિજ્ઞાન જયારે બુદ્ધિગમ્ય, અભૌતિકનો અભ્યાસ એટલે જ્ઞાન. (૧) પૃથ્વી ગોળ છે. (૨) ગુરૂત્વાકર્ષણ (૩) સૂર્ય કેન્દ્રમાં છે (૪) ગ્રહણનું કારણ (૫) ગ્રહોનો માર્ગ (૬) સૂરજદાદા અને ચાંદામામાનું રહસ્ય. (૭) સૂર્યોદય (૮) ગ્રહોનું અંતર (૯) ચંદ્ર એક ઉપગ્રહ (૧૦) શેષનાગ પર શયન આ બધા જ સત્યોને આપણે ઉજાગર કરી ચૂક્યા છીએ.